RIGHT TO INFORMATION

બહુજનહિતાય બહુજનસુખાય

અપીલ અરજી નં. ૬૮૧ તા.૧૨–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીડીઓ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૩–૨–૧૨ની અરજીથી નવજીવન હુંડઈવાળા શો–રૂમ પર હાલમાં થયેલ વધારાના બાંધકામ બાબત મુદ્દા નં. (૧) સાઉથઝોનનાં દબાણ ડેપોની સામે આવેલ નવજીવન હુંડઈના શો–રૂમ પર હાલમાં તૈયાર થયેલ બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરવાનગી પત્રની નકલ આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૮૧/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૩–૨–૧૨ની અરજીથી નવજીવન હુંડઈવાળા શો–રૂમ પર હાલમાં થયેલ વધારાના બાંધકામ બાબત મુદ્દા નં. (૧) સાઉથઝોનનાં દબાણ ડેપોની સામે આવેલ નવજીવન હુંડઈના શો–રૂમ પર હાલમાં તૈયાર થયેલ બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરવાનગી પત્રની નકલ આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈસેલ/૨૦૩૨ તા. ૨૦–૩–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ટીપી) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૭૬ તા. ૨૬–૩–૧૨ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં.૨૨૪૮ તા. ૪–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૫૪૦ તા. ૧૦–૨–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલછે. જયારે ઉધનાઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૩–૨–૧૨ ની અરજીથી નવજીવન હુંડઈવાળા શો–રૂમ પર હાલમાં થયેલ વધારાના બાંધકામ બાબતની મુદ્દા નં. (૧)થી (૫)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૨૪૮ તા. ૪–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ તથા જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરવામાંઆવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૨–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલછે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૪૦ તા. ૧૦–૨–૧૨થી સમય અવધિમાં અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) સાઉથઝોનનાં દબાણ ડેપોની સામે આવેલ નવજીવન હુંડઈના શો–રૂમ પર હાલમાં તૈયાર થયેલ બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરવાનગી પત્રની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ બાંધકામ તૈયાર થયા બાદ આપના વિભાગના કયા અધિકારીએ સ્થળ ચકાસણી કરેલ છે તથા તે ચકાસણી દરમ્યાન તૈયાર કરેલ રીપોર્ટની નકલસહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૩) હાલમાં થયેલ આ બાંધકામની આકારણી થઈહોય તો આકારણી કરવા આવનાર અધિકારીએ સ્થળ ચકાસણી કર્યા બાદ તૈયાર કરેલ રીપોર્ટની નકલ આપશો. મુદ્દા નં.(૪) આ બાંધકામને અગર આપના વિભાગે પરમીશન આપેલ ના હોય તો તેની વિરુધ્ધ અત્યાર સુધીમાં કરેલ કાર્યવાહીની નકલો આપશો. મુદ્દા નં.(૫) આ બાંધકામની મંજુરી માટે મિલ્કતધારક તરફથી આપના વિભાગમાં જે જે ડોકયુમેન્ટસ રજૂ કરવામાંઆવ્યાહોય તે તમામ ડોકયુમેન્ટસની નકલો આપશો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૪૦

તા. ૧૦–૨–૧૨થી " જેમિલ્કતની વિગતો માંગેલછે તે મિલ્કત નંબર, ટી.પી. સીકમ નંબર, ફા.પ્લોટ નંબર, રે.સ. નંબર, વિગેરે દર્શાવેલનથી આથી મિલ્કતના નામે કોઈ કાર્યવાહી થતી ન હોય તમોએ જે જગ્યાની વિગતો મેળવવા માંગો છો તેનો ટી.પી. સ્કીમ નંબર, મોજે ફા.પ્લોટ નં.બર, રે.સ. નંબર વિગેરેની પૂર્તતા થયેથી ઉપલબ્ધ રેકર્ડ ઉપરની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારને અત્રેથી અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેનાઅનુસંધાનેમાં અરજદારે કોઈ પ્રકાશ પાડેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈએકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

વધુમાં અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી કે આકારણી દફતર અથવા ટીપી યોજના દફતર ના માધ્યમો ધ્વારા માહિતીની વિગતો જાહેર માહિતી અધિકારીને અરજીમાં જણાવેલ નથી જેથી જાહેર માહિતી અધિકારીએ પણ અરજદારે જણાવેલ સરનામાના આધારે મિલ્કતોની આકારણી દફતરે નોંધ નંબર હોય તે પરથી મિલ્કતના પ્લોટની શકય હોય તો ઓળખ કરી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય જાહેર માહિતી અધિકારીએ પણ તેમના ઝોનના અન્ય વિભાગો ખાતેથી જો મિલ્કત ઓળખ બાબતની વિગતો મળી શકતી હોય તો તેના આધારે માહિતી પૂરી પાડવાની રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૨–૩–૧૨ ધ્યાને લેતાં ૧૦–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૫–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩–૨–૧૨ ની અરજી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ મિલ્કતની ઓળખ બાબતે અરજદાર પાસેથી સ્પષ્ટતા મળ્યેથી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ. (પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મ. શહેર વિકાસ વિભાગ) ને જણાવવામાં આવે છે. અરજદાર જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર મિલ્કતની ઓળખ પૂરી પાડી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

જાહેર માહિતી અધિકારી તરફથી ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પડાયેલ ન હોય મિલ્કતની ઓળખ બાબતની વિગતો જાહેર માહિતી અધિકારીએ આકારણી દફતરે ઉપલબ્ધ નોંધ નંબર કે અન્ય ઓળખની વિગત આધારે અરજદારે જણાવેલ મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકતી હોય તો તેના દફતરી રેકર્ડ પરથી નોંધ નંબર કે સર્વે સીટી નંબરો જો હોય અને તે આધારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મ. શહેર વિકાસ) , ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી રમેશ કે. જાંગીડ,